# અસરકારક અધ્યાપન

ડૉ. નયનાબેન બી.ચૌહાણ
ઈન્ચાર્જ આચાર્ય, ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, વેસુ, સુરત

**પ્રસ્તાવના**

કોઈપણ શિક્ષક માટે સૌથી મોટો પડકાર એ છે કે તે દરેક વિદ્યાર્થીનું ધ્યાન આકર્ષિત કેવી રીતે કરી શકે અને કાયમી પોતાની અસરકારક છાપ કેવી રીતે ઉભી કરી શકે. આ પડકારને અસરકારક રીતે નિવારવા વર્ગખંડનાં અનુભવોને ધ્યાનનાં રાખી ભૂલો નિવારી શકાય. શિક્ષકનો વ્યવસાય જ એક એવો વ્યવસાય છે જેનાથી શિક્ષકને ફી પણ મળે છે. પ્રસિદ્ધિ અને સન્માન પણ મળે છે. પરંતુ આ ક્યારે કે જયારે શિક્ષક પોતાના વર્ગખંડમાં અસરકારક અધ્યાપન કરાવી શકે ત્યારે પ્રવર્તમાન સામાજીક ભૂમિકામાં શિક્ષકનું મહત્ત્વ અનેક ગણુ વધી ગયું છે. તેમ છતાંય શિક્ષકની ભૂમિકા કારગત નીવડતી હોય તેમ લાગતું નથી. રાષ્ટ્રની કેળવણીનું સ્તર તેનાં શિક્ષકોનાં સ્તર કરતાં ઊંચું હોઈ શકે નહી. આ વ્યવસાય તરફ જોવાનો દષ્ટિકોણ અભિગમ યોગ્ય ન હોય તો સમાજ દેશનું ભાવિ અંધકારમય રહેવાનું... આપણા વ્યવસાય માટે યોગ્ય હકારાત્મક અભિગમનાં મહત્ત્વ માટે એટલું જ કહી શકાય કે ...

હોય જો મનોવૃત્તિ, તો ઘડાય સંસ્કૃતિ,

ભળે જો કામમાં નિષ્ઠા, તો મળે પ્રતિષ્ઠા.

અધ્યાપનની અસરકારક્તા લાવવા માટે આપણે એક શિક્ષક તરીકે કેટલીક બાબતોનું મંથન કરવું પડે જેમકે...

વર્ગ શિક્ષણ માટે આપણે વર્ગમાં જઈએ અને વર્ગમાં બેઠેલા અનુભવ વિનાના વિદ્યાર્થીઓ સમક્ષ એક ધાર્યું બોલ્યા જ કરીએ તેને અસરકારક અધ્યાપન કહીશું? શું વિદ્યાર્થીઓ આપણી વાક્છટા અને વિદ્વતા દર્શાવવાનું ઓડિયન્સ છે?

- આપણને મળેલી શિક્ષક તાલીમ પૂરતી હતી? આપણી શિક્ષક તાલીમ કાલગ્રસ્તતાનો નમૂનો નથી? કોઈપણ ઉદ્યોગમાં જૂની પુરાણી તાલીમવાળા કારીગરો ચાલે ખરાં? નિરંતર તાલીમ માટે આપણો આગ્રહ કેમ નથી?
- નવા યુગનો વિદ્યાર્થી ઈતિહાસ ગોખવા જનમ્યો નથી પણ ઈતિહાસ સર્જવા જનમ્યો છે. આ તથ્ય સમજીને નવા સર્જકો સાથેનો વ્યવહાર ક્યારે ગોઠવી શું?
- શિસ્તના આગ્રહી આપણે છીએ ખરાં? શિસ્ત એટલે મિલિટરી અથવા ફેક્ટરી જેવી પધ્ધતિ ચાલે ખરી?
- વિદ્યાર્થીઓનું સહભાગીપણું મેળવવા પ્રયત્ન કરીએ છીએ ખરાં?
- વર્ગ શિક્ષણમાં વિદ્યાર્થી કેન્દ્રમાં છે ખરો?

– આપણું મૂલ્યાંકન વૈજ્ઞાનિક છે ખરું?

આવા ઘણાં પ્રશ્નોનાં ઉત્તરો આપણે ત્યારે જ મેળવી શકીએ જ્યારે આપણે આપણું ઉત્તર દાયિત્વ નિષ્ઠાપુર્વક નિભાવી શકીએ અને અસરકારક અધ્યાપન કરાવી શકીએ.

અહી આપણે શિક્ષણ પધ્ધતિને અસરકારક કઈ રીતે બનાવી શકાય, રસપ્રદ કઈ રીતે બનાવી શકાય તેના કેટલાક સહાયક પરિબળોની ચર્ચા કરીશું.

**(૧) સર્જનાત્મક અધ્યાપન :-**

સર્જનાત્મકતા ખીલવવા માટે કેટલાક સાધનોની સહાય લઈ શકાય. જેના માધ્યમથી યુવાન દિમાગને ઉત્તેજના મળી શકે અને તેમની રુચિ જળવાય રહે.

શિક્ષકે બધા જ વિષયોમાં રચનાત્મકતાના પાસાઓને અપનાવવા જોઈએ. ભલે પછી તે વિષય ગણિત, વિજ્ઞાન કે ઈતિહાસ હોય, દરેકમાં રચનાત્મકતા વિચારી શકાય.

**(૨) ઓડિયો-વિડિયો ઉપકરણ:-**

ટેકનોલોજીનો ઉપયોગ આકર્ષક અધ્યાપન કરાવવા માટે ઓડિયો-વિડિયો વિઝ્યુઅલ સામગ્રીનો સમાવેશ કરો. આવા સાધનો વિદ્યાર્થીઓની કલ્પના શક્તિ ખીલવવામાં મદદરૂપ સાબિત થશે. ઉદાહરણ તરીકે લાઈવ discussions ચર્ચાઓ કરી શકાય છે. જે આજના પ્રવર્તમાન સમયમાં આપણે ઉપયોગ કરી રહ્યાં છે. શૈક્ષણિક એપ, ઈન્ટરનેટ દ્વારા શિક્ષણ આપીએ છીએ. કોઈપણ જાહેર પ્રવચનો પ્લેબેક રેકોર્ડિગ્સ પણ આપણે મેળવી શકીએ છીએ. આ એપનાં માધ્યમથી વાસ્તવિક વિશ્વનાં અનુભવોને પ્રભાવિત કરવાથી શિક્ષણની ક્ષણો તાજી થશે અને વર્ગ શિક્ષણ સમૃધ્ધ બનશે. વિદ્યાર્થીઓની રુચિ ઉત્તેજિત કરશે.

**(૩) વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષણ :-**

વિદ્યાર્થીની સહભાગિતા આપણે જાણીએ છીએ કે આપણા વર્ગખંડમાં બહુવિધ મગજશક્તિઓ છે અને એ શક્તિઓ એક જ વિચાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ત્યારે આપણે અસંખ્ય વિચારો વિદ્યાર્થીઓ પાસે મેળવી શકીએ છે. આ એક વિદ્યાર્થીઓનાં વિચારો સાંભળવાનું ઉત્તમ પ્લેટફોર્મ છે.

**(૪) ઉત્તેજક વર્ગખંડ પર્યાવરણ :-**

વર્ગખંડનું વાતાવરણ એવું હોવું જોઈએ જે વિદ્યાર્થીનાં મન, મગજને પ્રફુલ્લિત કરે, વર્ગખંડ વાતાવરણ સુશોભિત મનોરંજક હોવું જોઈએ. જે વિદ્યાર્થીને અધ્યાપન માટે ઉત્તેજીત કરવામાં શીખવામાં મદદરૂપ થાય અને શીખવા માટે વિદ્યાર્થી પ્રોત્સાહિત થાય. આપણે જાણીએ છીએ કે, કોઈપણ વયજૂથનાં વિદ્યાર્થી હોવું વધુ સમય બેસીને શીખે એવી અપેક્ષાઆપણે ન રાખી શકીએ. જેથી સકારાત્મક અસર કરતું વાતાવરણ ઉભું કરવું જોઈએ. શિક્ષણ અને વિકાસમાં વર્ગખંડનું વાતાવરણ મુખ્ય ભૂમિકા ધરાવે છે.

**સંદર્ભ સૂચિ**

૧. પ્રિ. નટુભાઈ વી. રાવલ, ૧૯૯૪-૯૫. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, અમદાવાદ, નિરવ પ્રકાશન.